# એજન્ડા

# કારોબારી સમિતિની માસિક સભા

| | |
|---|---|
| તારીખ અને વાર | : શનિવાર, ૨૯ જુન ૨૦૧૯ |
| સમય | : સાંજે ૪-૦૦ કલાકે |
| સ્થળ | : શેઠ શ્રી કસ્તુરભાઈ લાલભાઈ સમિતિ ખંડ, આશ્રમરોડ અમદાવાદ |


## ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી

શ્રી અંબિકા મીલ્સ - ગુજરાત ચેમ્બર બિલ્ડીંગ,

પો.બો.નં. ૪૦૪૫, આશ્રમરોડ, અમદાવાદ-૩૮૦૦૦૯.

ફેક્સ : ૦૭૯-૨૬૫૮૭૯૯૨

ફોન : ૨૬૫૮૨૩૦૧/૨/૩/૪

ઈ-મેઈલ : gcci@gujaratchamber.org

વેબસાઈટ : www.gujaratchamber.org

૨૨ જુન, ૨૦૧૯

પ્રતિ,
કારોબારી સમિતિના ચૂંટાયેલા સભ્યશ્રીઓને,

ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઇન્ડસ્ટ્રીની કારોબારી સમિતિની આગામી માસિક સભા શનિવાર તા. ૨૯-૬-૨૦૧૯ના રોજ સાંજે ૪-૦૦ કલાકે ચેમ્બરના પ્રમુખ શ્રી દુર્ગેશ વી. બુચના અધ્યક્ષસ્થાને શેઠ શ્રી કસ્તુરભાઇ લાલભાઇ સમિતિખંડ, ગુજરાત ચેમ્બર, આશ્રમરોડ, અમદાવાદ-૯ ખાતે નીચેના કામકાજ માટે મળશે.

: એજન્ડા :

| I | આઇટેમ | મીનીટ્સ અને એકશન ટેકન રીપોર્ટ | પાના નં. |
|---|---|---|---|
| | ૧. | તા. ૨૪-૫-૨૦૧૯ના રોજ મળેલી કારોબારી સમિતિની માસિક બેઠકની કાર્યવાહીની નોંધ લઇ મંજુર કરવા. | ૧ થી ૧૧ |
| II | | માહિતી અને જાણ માટે | |
| | ૨. | પ્રમુખ અને અન્ય હોદ્દેદારોના અહેવાલો. | |
| | | ૨.૧ અગત્યના પ્રસંગો- (૧૫ મે થી ૧૫ જુન, ૨૦૧૯ દરમ્યાન) | ૧૨ |
| | | ૨.૨ ૧૫ મે થી ૧૫ જુન, ૨૦૧૯ દરમ્યાન ચેમ્બર તરફથી થયેલ રજૂઆતો. | ૧૨ થી ૧૩ |
| | | ૨.૩ એકશન ટેકન રીપોર્ટ | ૧૩ થી ૧૪ |
| | | ૨.૪ અન્ય માહિતી | ૧૪ |
| | ૩. | કમિટી અને સલાહકારી સમિતિના અહેવાલો. | |
| | | ૩.૧ કમિટીઓની મીટીંગના અહેવાલો. | ૧૫ |
| | | ૩.૨ સલાહકારી સમિતિની મિટિંગની માહિતી. | ૧૫ |
| III | | ચર્ચા અને મંજુરી માટે | |
| | ૪. | બંધારણના નિયમ ૩૫(જી) અનુસાર ૨૦૧૯-૨૦ ના વર્ષ માટે ચેમ્બરના માનદ્-મંત્રી, માનદ્-મંત્રી(રીજીયોનલ), માનદ્-ખજાનચીની ચૂંટણી બાબતે. | |
| | ૫. | બેન્કોમાં સેવિંગ્સ તથા ચાલુ ખાતાઓ ઓપરેટ કરવા માટે નામો નક્કી કરવા (બંધારણના નિયમ ૩૯ અન્વયે) | |
| | ૬. | બંધારણના નિયમ-૩૫ (આઇ) અનુસાર બિઝનેસ વિમેન વિંગનું બેન્ક ખાતુ ઓપરેટ કરવા માટે નામો નક્કી કરવા. | |
| | ૭. | અગાઉની કારોબારી સમિતિ દ્વારા રચવામાં આવેલ "Inquiry Committee"ની કામગીરી નો અહેવાલ આપવા અને ચર્ચા-વિચારણા કરવા. | |
| | ૮. | જુના પેન્ડીંગ વેપાર-ઉદ્યોગના પ્રશ્નોની હાલની પરિસ્થિતિ અને ભવિષ્યના એકશન પ્લાન અંગે ચર્ચા કરવા. | |
| | ૯. | સરકારી જી.આઇ.ડી.સી. અને અન્ય ખાનગી ઔદ્યોગિક વસાહતોના પ્રશ્નોની ચર્ચા. | |
| | ૧૦. | અમદાવાદ મહાનગરપાલિકા દ્વારા પેકિંગ વિગેરે માટે વપરાતી અમુક સિંગલ-યુઝ પ્લાસ્ટીકની વસ્તુઓના ઉત્પાદન અને ઉપયોગ પર લગાવેલ પ્રતિબંધ અને તેના કારણે ઉભા થતાં પ્રશ્નોની ચર્ચા. | |
| | ૧૧. | જીએસટી ના કાયદા અંતર્ગત Defaulters ને ક્રીમીનલ પ્રોસીજર કોડની જોગવાઇઓ માં દર્શાવ્યા અનુસાર FIR કર્યા વગર માત્ર અધિકારીની ભલામણથી જ સીધી ધરપકડ કરી શકાય તેવા ઉચ્ચ ન્યાયાલયના હાલના ચુકાદા અંગે ચર્ચા. | |

| | | | |
|---|---|---|---|
| | ૧૨. | ચોમાસા દરમ્યાન સમગ્ર રાજ્યના વેપાર-ઉદ્યોગ પર પડનારી સંભવિત આપત્તિઓ અંગે આગોતરા આયોજનની ચર્ચા કરવા. | |
| | ૧૩. | અલગ અલગ કક્ષાએ Pending Court Cases ની માહિતી આપવા અને ચર્ચા કરવા. | |
| | ૧૪. | ૨૦૧૯-૨૦ ના વર્ષ માટે બિઝનેસ વિમેન વિંગના ચેરપર્સન તરીકે રેખાબેન અધ્વર્યુ ચૂંટાયેલા હતા. પરંતુ તેઓએ તા. ૨૨-૬-૧૯ ના રોજ રાજીનામુ આપતા તેમની ખાલી પડેલ જગ્યાએ GCCI બંધારણના નિયમ ૩૫(i)(xvii) પ્રમાણે કો-ચેરપર્સન હવે ચેરપર્સન થશે તેથી હવે કો-ચેરપર્સનની જગ્યાએ નિયમ ૩૫(i)(xviii) પ્રમાણે યોગ્ય ઉમેદવારને કો-ઓપ્ટ કરવાની સત્તા પ્રમુખશ્રીને આપવા બાબતે. | |
| | ૧૫. | રીજનલ ચેમ્બરની પાત્રતા નક્કી કરવા બંધારણમાં નિયમ-૬(બી)માં જોગવાઇ કરવામાં આવી છે જે રીજનલ ચેમ્બરની પાત્રતા બંધારણની જોગવાઇ પ્રમાણે ન હોય તેમને તા. ૩૧ માર્ચ, ૨૦૧૯ સુધી પાત્રતા મેળવી લેવા માટે નિયમમાં જણાવેલ છે પરંતુ આ અંગેની જરૂરી કાર્યવાહી ન થઇ હોવાથી તથા તા. ૨૨-૬-૨૦૧૯ના રોજ મળેલ વાર્ષિક સામાન્ય સભામાં થયેલ ચર્ચા અને ભલામણને ધ્યાને લેતાં આ મુદ્દત ૩૧ માર્ચ ૨૦૨૦ સુધી લંબાવવા માટેની દરખાસ્ત બાબતે જરૂરી કાર્યવાહી કરવા. | |
| | ૧૬. | બંધારણના નિયમ-૨૫ મુજબ કો-ઓપ્ટ અને ઇન્વાઇટી સભ્યો નક્કી કરવા સત્તા આપવા. | |
| | ૧૭. | બંધારણના નિયમ-૨૬(૭) મુજબ કમિટિઓની રચના કરવા સત્તા આપવા. | |
| | ૧૮. | બિઝનેસ વિમેન વિંગના પૂર્વ ચેરપર્સન અને BWWC ના એડવાઇઝરી સભ્યોની તથા તા. ૧૭-૬-૧૯ના રોજ મળેલ બિઝનેસ વિમેન વિંગની સામાન્ય સભાના ઉપસ્થિત સભ્યો દ્વારા બંધારણમાં સુધારો કરી બિઝનેસ વિમેન વિંગની હાલની જોગવાઇઓ દૂર કરી અગાઉની જેમ ગુજરાત ચેમ્બરની કમિટિઓ માંની જ એક બિઝનેસ વિમેન વિંગની કમિટિ બનાવી અને આ પ્રમાણેની જોગવાઇ તથા જરૂરી સુધારા બંધારણ સમિતિને ભલામણ કરવા બાબતે. | |
| | ૧૯. | બિઝનેસ વિમેન વિંગના ચેરપર્સનની સામે આવેલ ફરિયાદ બાબતે કારોબારી સમિતિની મંજુરીની અપેક્ષાએ નિમણૂક કરવામાં આવેલ તપાસ સમિતિની નિમણૂકને બહાલી આપવા. | |
| | ૨૦. | પ્રમુખશ્રીની મંજુરીથી જે રજુ થાય તે અંગે વિચારણા કરવા. | |
| | ૨૧. | રાષ્ટ્રગીત | |

આપને આ કારોબારી સમિતિની મિટિંગમાં ઉપસ્થિત રહેવા વિનંતી છે.

આ સમિતિની મિટિંગનો વિગતવાર એજન્ડા આ સાથે સામેલ છે.

આભાર સહ,

આપનો વિશ્વાસુ,

૨૪/૦૬/૨૦૧૯

જગદીશ શાહ

*સેક્રેટરી જનરલ*

# કારોબારી સમિતિની માસિક સભાની મીનીટ્સ

મિટિંગ નં. : ૧૨/૨૦૧૮-૧૯
તારીખ : ૨૪-૫-૨૦૧૯
સાંજે : ૪-૦૦ કલાકે
સ્થળ : શેઠ શ્રી કસ્તુરભાઇ લાલભાઇ સમિતિખંડ
પ્રમુખ : ડો. જૈમિન વસા

**એનેક્ષર - એ મુજબ આ મિટિંગમાં સભ્યો ઉપસ્થિત રહ્યા હતા.**

➢ •પ્રમુખશ્રીએ સૌ સભ્યોને આવકાર્યા હતા.

**એજન્ડા :**

**આઇટેમ નં. ૧**

➢ પ્રમુખશ્રીએ તા. ૨૬-૪-૨૦૧૯ના રોજ મળેલ કારોબારી સમિતિની મિટિંગની કાર્યવાહીની નોંધ (મીનીટ્સ) જે અગાઉથી સૌને મોકલી આપી હતી તેને મંજુર કરવા સમિતિ સમક્ષ રજૂઆત કરી હતી.

➢ સભામાં ઉપસ્થિત સર્વ સભ્યોએ તા. ૨૬-૪-૨૦૧૯ના રોજ મળેલ કારોબારી સમિતિની કાર્યવાહીની નોંધ (મીનીટ્સ) સર્વાનુમતે મંજુર કરવા ઠરાવ્યું હતું.

**ઠરાવ નં.૧**

આથી તા. ૨૬-૪-૨૦૧૯ના રોજ મળેલ કારોબારી સમિતિની માસિક બેઠકની કાર્યવાહીની નોંધ (મીનીટ્સ) સર્વાનુમતે મંજુર કરવાનું ઠરાવવામાં આવે છે.

**આઇટેમ નં. ૨**

૨.૧ થી ૨.૩ ૧૫ એપ્રિલ થી ૧૫ મે, ૨૦૧૯ દરમ્યાન ચેમ્બર દ્વારા કરવામાં આવેલ કાર્યક્રમો, તેના અહેવાલો (એક્ઝીક્યુટીવ સમરી) અને ગુજરાત ચેમ્બર તરફથી કરવામાં આવેલ રજૂઆતો તથા ચેમ્બર તરફથી ઇસ્યુ કરવામાં આવેલ સર્ટિફીકેટ ઓફ ઓરીજીન અને અખબારી નિવેદનોની વિગતો એજન્ડા સાથે મોકલી આપવામાં આવી હતી તેની સમિતિને જાણ કરવામાં આવી હતી.

- સમિતિના સભ્યોએ ઉપરોક્ત બાબતની નોંધ લીધી હતી.

**આઇટેમ નં. ૩**

૩.૧ ગુજરાત ચેમ્બરની વર્કીંગ કમિટીઓની ૧૫ એપ્રિલ થી ૧૫ મે, ૨૦૧૯ દરમ્યાન ચેમ્બર દ્વારા યોજવામાં આવેલ મીટીંગોની ચર્ચા કરવામાં આવી હતી.

- સમિતિના સભ્યોએ ઉપરોક્ત બાબતે નોંધ લીધી હતી.

૩.૨ સભાના પ્રમુખશ્રીએ ૧૫ એપ્રિલ થી ૧૫ મે, ૨૦૧૯ દરમ્યાન મળેલ સલાહકારી સમિતિની મીટીંગોની અને આ મીટીંગમાં ઉપસ્થિત રહેલ સમિતિના સભ્યો દ્વારા આમાં થયેલ કાર્યવાહીની વિગતોની જાણ કરી હતી.

- સમિતિના સભ્યોએ ઉપરોક્ત બાબતની નોંધ લીધી હતી.

**આઇટેમ નં. ૪**

- GCCIની સ્ક્રુટિની સમિતિની તા. ૨૨-૫-૨૦૧૯ના રોજ મળેલી મિટિંગમાં થયેલ કાર્યવાહીની વિગતો આપતાં માનદ્-મંત્રી શ્રી અંબરભાઇ પટેલે જણાવ્યું હતું કે નવા સભ્યોની કુલ-૧૭ અરજીઓ આવી હતી તેમાંથી ૧૫ અરજીઓ મંજુર કરવામાં આવી હતી. જ્યારે પુરાવાને અભાવે ૨ અરજી પેન્ડીંગ રાખવામાં આવી હતી. જેને કારોબારી સમિતિની મંજુરી માટે મુકવા ભલામણ કરી હતી. જ્યારે સભ્યોના નામ કે સરનામા કે પ્રતિનિધિઓના નામમાં કે કંપનીની કેટેગરીમાં ફેરફાર બાબતે કુલ-૪૧ અરજીઓ મળી હતી જેમાંથી ૩૫ અરજીઓને મંજુર કરવામાં આવી હતી જ્યારે ૬ અરજી પુરાવાના અભાવે નામંજુર કરવામાં આવી હતી.
  - સભામાં ઉપસ્થિત સૌ સભ્યોએ સ્ક્રુટિની સમિતિએ આપેલ અહેવાલની નોંધ લઇ સર્વાનુમતે મંજુર કરી ઠરાવ કર્યો હતો.

**ઠરાવ નં.૨**

આથી ઠરાવવામાં આવે છે કે તા. ૨૨-૫-૨૦૧૯ના રોજ મળેલ સ્ક્રુટિની સમિતિની મિટિંગમાં મંજુર કરી ભલામણ કરવામાં આવેલ નવા સભ્યોની કુલ-૧૭ અરજીઓ મળી હતી જેમાંથી ચકાસણી કરી ૧૫ અરજીઓને એનેક્ષર-બી મુજબ મંજુર કરવામાં આવે છે. જ્યારે ચેમ્બરના સભ્યોના નામ કે સરનામામાં કે પ્રતિનિધિઓના નામમાં કે કંપનીઓની કેટેગરીમાં ફેરફારની કુલ-૪૧ અરજીઓ મળી હતી જેમાંથી ૩૫ અરજીઓને એનેક્ષર-સી મુજબ મંજુર કરવામાં આવે છે.

**આઇટેમ નં. ૫**

- પ્રમુખશ્રીએ વર્ષ ૨૦૧૮-૧૯ના આવક અને ખર્ચનો ઓડીટ થયેલ હિસાબ તેમજ તા. ૩૧-૩-૨૦૧૯ના રોજનું સરવૈયુ મંજુર કરી વાર્ષિક સામાન્ય સભાની મંજુરી માટે ભલામણ કરવાનું છે તેમ જણાવ્યું હતું.
- પ્રમુખશ્રીએ આની વિગતો આપવા ચેમ્બરના સેક્રેટરી જનરલને વિનંતી કરી હતી. શ્રી જગદીશભાઇ શાહે નાણાકીય વર્ષ ૨૦૧૮-૧૯ના આવક અને ખર્ચના વિગતોની માહિતી સમિતિ સમક્ષ રજુ કરતાં જણાવ્યું હતું કે :-
- ચેમ્બરનો તા.૩૧-૩-૨૦૧૯ સુધીનો આવક અને ખર્ચનો હિસાબ તથા તા.૩૧-૩-૨૦૧૯ના રોજનું સરવૈયું સભા સમક્ષ મંજુરી માટે અહીં મુકીએ છીએ. આપ સૌને તા.૩૧-૩-૨૦૧૯ સુધીના વર્ષનો આવક-ખર્ચનો હિસાબ તથા તા.૩૧-૩-૨૦૧૯ના રોજની સરવૈયાની કોપી આપવામાં આવી છે.
- વર્ષ ૨૦૧૭-૧૮માં કુલ આવક રૂા.૩,૯૧,૮૭,૭૪૨/- હતી જે વધીને વર્ષ ૨૦૧૮-૧૯માં રૂા.૪,૦૯,૪૨,૫૪૬/- થઇ છે. આમ વર્ષ દરમ્યાન ખર્ચ કરતા આવકનો વધારો રૂા.૨૭,૫૨,૬૯૫/- થયો છે. ૧૪,૨૮,૬૮૭/-ની એવરેસ્ટ પબ્લીસીટી પાસેથી બાકી રહેલ મળવાપાત્ર ભાડાની જોગવાઇ ચાલુ વર્ષે રીવર્સ કરતાં ખરેખર વધારો રૂા. ૪૧,૮૧,૩૮૨/- થાય છે.
- આ વર્ષે આવકના વધારાના કારણોમાં સર્ટિફિકેટ ઓફ ઓરીજીન, આર્બીટ્રેશન મીડીયેશન સેન્ટર (છકુઇઝ) અને વ્યાજની આવકમાં વધારો થતા આ આવકમાં વધારો નોંધાયો છે.
- સામાન્યરીતે ગયા વર્ષ કરતા આ વર્ષે મ્યુનિ. તથા અન્ય ટેક્ષ, વર્ષ દરમ્યાન યોજાયેલ કાર્યક્રમનો ખર્ચ, સ્ટેશનરી તથા લીગલ તથા પ્રોફેશનલ ફી, બુલેટીન પ્રિન્ટીંગ તેમજ રીનોવેશનના કારણે ઘસારાના ખર્ચમાં વધારો થયો છે. અને અન્ય ખર્ચમાં ઘટાડો નોંધાયો છે. સરવાળે વર્ષ ૨૦૧૭-૧૮માં કુલ ખર્ચ રૂા.૩,૦૫૩૨,૫૫૦/- હતો જે આ વર્ષે વધીને રૂા.૩,૮૧,૮૯,૮૫૧/- થયો છે. આમ ગયા વર્ષ કરતાં આ વર્ષે રૂા.૭૬,૫૭,૩૦૧/-નો ખર્ચમાં વધારો થયો છે.

➢ ગયા વર્ષના રૂા.૮૫,૨૦,૫૦૭/- ના ચોખ્ખા વધારાની સામે આ વર્ષે માત્ર રૂા.૨૭,૫૨,૬૯૪/- નો ચોખ્ખો ઘટાડો નોંધાયો છે, જેના મુખ્ય કારણોમાં યોજાયેલ ફાર્મ ટુ ફેશન-૧ અને ૨ નો ચોખ્ખો ખર્ચ રૂા.૩૦,૦૯,૫૨૯/- નોંધાયો છે અને રૂા.૧૪,૨૮,૬૮૭/-નું એવરેસ્ટ પબ્લીસીટીના ભાડા પેટે પ્રોવીઝનના નોંધ્યા છે.

➢ ગુજરાત ચેમ્બરની વર્ષ ૨૦૧૭-૧૮માં રૂા.૧૧,૧૪,૯૬,૬૦૦/-ની ફીક્સ ડીપોઝીટ હતી જે આ વર્ષે ઘટીને રૂા.૧૧,૦૦,૮૮,૧૨૦/- થઇ છે. (ફીક્સ ડીપોઝીટમાં ઘટાડો રૂા.૧૪,૦૮,૪૮૦/-) જ્યારે કાયમી મિલકત ગયા વર્ષે રૂા.૪,૬૧,૪૫,૪૦૨/- હતી જે આ વર્ષે વધીને રૂા.૪,૬૨,૮૭,૭૨૮/- થઇ છે. આ વર્ષે ચેમ્બરની કાયમી મિલકતમાં નેટ વધારો રૂા.૧,૪૨,૩૨૬/- નોંધાયો છે.

➢ આમ આ વર્ષે નાણાકીય દ્રષ્ટિએ એક નજર કરતા આવકમાં, મિલકતમાં અને ફીક્સ ડીપોઝીટમાં સામાન્ય ઘટાડો નોંધાયો છે.

➢ તા. ૧૮-૬-૨૦૧૬ની વાર્ષિક સામાન્ય સભામાં સ્ટેચ્યુટરી ઓડીટરના જણાવ્યા પ્રમાણે રૂા.૪,૬૫,૦૦,૦૦૦/- (જે ભૂલથી રૂા.૪,૮૫,૦૦૦/- દર્શાવેલ છે.) જવાબદારીમાં બતાવેલ છે. હકીકતમાં આ પૈસા પરત આપવાની જવાબદારી ગણાય નહીં તે પ્રમાણે પેલીકન બિલ્ડીંગની લીઝ પેટે મળેલ રકમ મુડી ખાતે ટ્રાન્સફર કરવાની કાર્યવાહી કરવાની સત્તા ચેમ્બરના હોદ્દેદારોને આપી હતી.

(Subject to final numbers and text as approved by Statutory Auditors)

➢ ઉપરોક્ત વિગતો સમિતિ સમક્ષ રજુ કર્યા બાદ પ્રમુખશ્રી અને સેક્રેટરી જનરલે આવક અને ખર્ચ વિષે કોઇ સભ્યોને કોઇ પણ પ્રશ્ન હોય તો તે રજુ કરવા જણાવ્યું હતું.

➢ સભામાં ઉપસ્થિત સર્વ સભ્યોએ તેમના પ્રશ્નો રજુ કર્યા હતા અને આવક-ખર્ચનો હિસાબ અને સરવૈયુ અગાઉથી મોકલી આપવા સૂચન કર્યું હતું.

➢ સમગ્ર ચર્ચાને અંતે સભામાં ઉપસ્થિત સૌ સભ્યો દ્વારા તા. ૩૧-૩-૨૦૧૯ના વર્ષનું આવક અને ખર્ચનો ઓડીટ થયેલ હિસાબ તથા તા. ૩૧-૩-૨૦૧૯ ના રોજનું સરવૈયુ સર્વાનુમતે મંજુર કરી આગામી વાર્ષિક સામાન્ય સભાની મંજુરી માટે ભલામણ કરતો ઠરાવ કરવાનું સર્વાનુમતે નક્કી કરવામાં આવ્યું હતું.

**ઠરાવ નં. ૩**

આથી ઠરાવવામાં આવે છે કે તા. ૩૧-૩-૨૦૧૯ના આવક અને ખર્ચનો ઓડીટ થયેલ હિસાબ તેમજ તા. ૩૧-૩-૨૦૧૯ના રોજનું સરવૈયુ સર્વાનુમતે મંજુર કરી આગામી વાર્ષિક સામાન્ય સભામાં મંજુરી માટે રજુ કરવા ભલામણ કરવામાં આવે છે.

**આઇટેમ નં. ૬**

➢ એજન્ડાની આઇટમ નં.૬ ની કોઇ ચર્ચા કરવામાં આવી ન હતી.

**આઇટેમ નં. ૭**

➢ પ્રમુખશ્રીએ જણાવ્યું હતું કે કારોબારી સમિતિએ ઓડીટર્સની નિમણૂક અને મહેનતાણું નક્કી કરી વાર્ષિક સામાન્ય સભાની મંજુરી માટે ભલામણ કરવાની થાય છે.

➢ તે સંદર્ભે ચેમ્બરના હાલના ઓડીટર્સ મે. સી. સી. ચોકસી એન્ડ કંપનીએ ૨૦૧૯-૨૦ના વર્ષ માટે ચેમ્બરના ઓડીટર તરીકે નિમણૂક કરવા અને તેમનું મહેનતાણું નક્કી કરવા તેમજ તેમના તરફથી આવેલ પત્ર કારોબારી સમિતિ સમક્ષ મંજુરી માટે મુકવામાં આવ્યો હતો.

➢ સમગ્ર ચર્ચાને અંતે ઉપસ્થિત સર્વ સભ્યો દ્વારા સર્વાનુમતે વર્ષ ૨૦૧૯-૨૦ માટે મે. સી.સી. ચોકસી એન્ડ કંપનીની ઓડીટર્સ તરીકે રૂા. ૭૫,૦૦૦/- (સર્વિસ ટેક્ષ અલગથી) પુનઃ નિમણૂક કરવા સર્વાનુમતે મંજુરી આપી હતી અને આગામી વાર્ષિક સામાન્ય સભાની મંજુરી માટે મુકવા ભલામણ કરવા ઠરાવવામાં આવ્યું હતું.

**ઠરાવ નં. ૪**

આથી વર્ષ ૨૦૧૮-૧૯ માટે મે. સી.સી. ચોક્સી એન્ડ કંપનીને ઓડીટર તરીકે રૂા.૭૫,૦૦૦/- (ટેક્ષ અલગથી) ના મહેનતાણા માટે પુનઃ નિમણૂક કરવા સર્વાનુમતે મંજુર કરી આગામી વાર્ષિક સામાન્ય સભાની મંજુરી માટે ભલામણ કરવાનું ઠરાવવામાં આવે છે.

**આઇટેમ નં. ૮**

➢ પ્રમુખશ્રીએ જણાવ્યું હતું કે ગુજરાત ચેમ્બરના બંધારણ મુજબ ચૂંટણી પહેલાંની છેલ્લી કારોબારી સમિતિમાં ચૂંટણી બોર્ડની રચના કરવાની થાય છે. આમ બંધારણ મુજબ બોર્ડની રચના કરીએ.

| | | |
|---|---|---|
| ૧. ડો. જૈમિન વસા | - | નિવૃત્ત થતાં પ્રમુખશ્રી |
| ૨. શ્રી રૂપેશ સી. શાહ | - | પૂર્વ પ્રમુખશ્રી |
| ૩. શ્રી નવરોઝ હોમી તારાપોર | - | સામાન્ય વિભાગમાંથી કારોબારી સમિતિમાં ચૂંટાયેલ સભ્ય |
| ૪. શ્રી કે. આઇ. પટેલ | - | કોર્પોરેટ, આજીવન સભ્ય અથવા પેટ્રન વિભાગમાંથી ચૂંટાયેલ સભ્ય |
| ૫. શ્રી વી.પી. વૈષ્ણવ(રાજકોટ ચેમ્બર) | - | વેપારી સંગઠન અથવા રીજનલ ચેમ્બરમાંથી ચૂંટાયેલા સભ્ય |

- સભામાં ઉપસ્થિત સર્વ સભ્યોએ આની મંજુરી આપી હતી.

**ઠરાવ નં.૫**

આથી ચેમ્બરના બંધારણ મુજબ રચના કરવામાં આવેલ સૂચિત ચૂંટણી બોર્ડના નામોની સર્વાનુમતે મંજુરી આપી ઠરાવવામાં આવે છે.

**આઇટેમ નં. ૧૦**

**પ્રમુખ સ્થાનેથી જે મંજુર થાય તે અંગે**

૧. ગુજરાત ચેમ્બરને જમીન ફાળવવા માટે કાર્યવાહી કરવામાં આવી છે તે અનુસંધાને તાજેતરમાં જે જીલ્લા કલેક્ટર તરફથી મળેલી પસંદગીના આધારે ગુજરાત ચેમ્બર દ્વારા સરખેજના સર્વે નં.૩૧૩, ટી.પી. નં.૮૬, એફ.પી.એફ. નં.૯/૨ વાળી ૯૬૧૧ ચો.મી. સરકારી પડતર જમીનની માગણી કરવામાં આવી છે.

- પ્રમુખશ્રીએ જણાવ્યું હતું કે આવી સરકારી પડતર જમીન મેળવવાની પ્રક્રિયાના ભાગરૂપે જમીનની જંત્રીની કુલ કિંમતના ૧ ટકા લેખે સર્વિસ ચાર્જ ભવાનો હોય છે. જેની રકમ રૂા.૧૦,૩૩,૧૮૩/- ગુજરાત ચેમ્બરે કારોબારી સમિતિની મંજુરીની અપેક્ષાએ ચેક દ્વારા તા. ૮-૩-૨૦૧૯ ના રોજ ભરાવેલ છે જેનો આજની કારોબારી સમિતિમાં ઠરાવ કરીએ.

**ઠરાવ નં. ૬**

ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઇન્ડસ્ટ્રીને જમીન ફાળવવા માટે જે અરજી કરવામાં આવી હતી તે અનુસંધાને જીલ્લા કલેક્ટરશ્રી તરફથી મળેલી પસંદગીના આધારે સરખેજના સર્વે નં.૩૧૩, ટી.પી. નં.૮૬, એફ.પી.એફ. નં.૯/૨ વાળી ૯૬૧૧ ચો.મી. સરકારી પડતર જમીન મેળવવાની પ્રક્રિયાના ભાગરૂપે જમીનની જંત્રીની કુલ કિંમતના ૧ ટકા લેખે રૂા.૧૦,૩૩,૧૮૩/- સર્વિસ ચાર્જ જે ભરવામાં આવ્યો છે તેને સર્વાનુમતે મંજુર કરવા ઠરાવવામાં આવે છે.

૨. ગુજરાત ચેમ્બરની પ્રિમાઇસીસમાં આવેલા બંને હોલ અંને ડાઇનિંગ એરિયા અને ADRC સેન્ટરને ભાડે આપવામાં આવે છે તે વર્તમાન સમયના ભાવ વધારાને ધ્યાનમાં લઇ તથા આ તમામ એરિયામાં રીનોવેશન કરી જે સગવડ કરવામાં આવી છે તે બાબતોને ધ્યાનમાં લઇને ભાડાની રકમમાં ફેરફાર કરવો જરૂરી છે તેમ ઉપ-પ્રમુખ શ્રી હેમંતભાઇ શાહે સમિતિ સમક્ષ રજૂઆત કરી હતી અને આ ભાવ વધારા અંગે ઉપસ્થિત સમિતિના સભ્યોના સૂચનો પણ માંગ્યા હતા.

* સભામાં ઉપસ્થિત સર્વ સભ્યોએ તેમના મંતવ્યો વ્યક્ત કર્યા હતા અને ચર્ચાને અંતે નીચે દર્શાવ્યા મુજબ ભાડાની રકમને સર્વાનુમતે મંજુરી આપવામાં આવી હતી.

| Sr. No. | Details | Sitting Capacity | Rate for First 3 Hrs (9.30 -12.30) | | Additional hourly charges after first 3 hrs | |
|---|---|---|---|---|---|---|
| | | | Old | New | Old | New |
| 1 | ADRC Meeting Room | 6 | 1000/- | 2000/- | 500/- | 500/- |
| 2 | Conference Room | 20 | 2000/- | 5000/- | 1000/- | 1000/- |
| 3 | ADRC Training Room | 45 | 3500/- | 3500/- | 1000/- | 1000/- |
| 4 | Sheth Shri Kasturbhai Lalbhai Committee Room (AC, Projector, Mike included) | 90 | 5000/- | 6000/- | 1000/- | 1500/- |
| 5 | Sheth Shri Amrutlal Hargovandas Memorial Hall (AC, Projector, Mike included) | 325 | 8000/- | 12000/- | 2000/- | 2500/- |
| 6 | Space for Tea/Coffee/Snacks with cleaning charges (entry lobby) | - | 1500/- | 1500/- | | |
| 7 | Space for Lunch/Dinner with cleaning charges | - | 6000/- | 7500/- | | |
| 8 | Open Space Parking Area (for whole day) | - | 10000/- | 12000/- | | |
| 9 | ADRC Court Room | 10 | | 3500/- | | 1000 |

Note: (1) Members of the Business Associations who want to book the room for their own programmes can avail a discount of 50% on the above rates for rooms mentioned at Sr. No. 1 to 5 only for business purpose.
(2) All members other than Business Association members are entitled to 10% discount on the room rates mentioned at Sr. No. 1 to 5 only for business purpose.

3. બિઝનેસ વિમેન વિંગનું પ્રતિનિધિમંડળ દિલ્હી ગયેલ તે સંદર્ભમાં બિઝનેસ વિમેન વિંગના સભ્ય શ્રીમતી નિમીતાબેન દેસાઇની આવેલી ફરિયાદ અંગે પ્રમુખ સ્થાનેથી આ મુદ્દો લેવામાં આવ્યો હતો પરંતુ તેની ચર્ચા થઇ ન હતી.

➢ શ્રી રક્ષિતભાઇ કોઠારીએ રીજનલ ચેમ્બરના, ગુજરાત ચેમ્બરના બંધારણમાં જે ક્રાઇટેરીયા આપવામાં આવ્યા છે તે પુરા થઇ શકે નહીં, તેમણે રજીસ્ટ્રેશન કરવામાં આવેલી છે કે નહીં તે તમામ બાબતો ચેક કરવા સૂચન કર્યુ હતું.

➢ શ્રી હિતેન વસંતે રીજનલ કાઉન્સીલમાં રીઝર્વ બેન્ક ઓફ ઇન્ડિયા સાથે જે વિડીયો કોન્ફરન્સ કરવામાં આવે છે તેવી જ રીજનલ કોન્ફરન્સ ચેમ્બરના એસોસીયેશન-મહાજન સાથે પણ કરવી જોઇએ તેમ સૂચન કર્યુ હતું.

➢ શ્રી મદનલાલ જયસવાલે અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનના ટેક્ષ અંગે જે રજૂઆત આવી હતી તેનાં ફોલો-અપના ભાગરૂપે તેમની સાથે એક મિટિંગ કરવા સૂચન કર્યુ હતું.

➢ સભામાં ઉપસ્થિત સર્વ સભ્યોએ પ્રમુખ ડો. જૈમિન વસાની વર્ષ દરમ્યાન કરેલ સુંદર કામગીરી અને તેમને અને તેમના સાથી હોદ્દેદારોને અભિનંદન પાઠવ્યા હતા.

૪. અંતમાં ઉપસ્થિત સભ્યોએ પ્રમુખશ્રીને વર્ષ દરમ્યાન કરેલી સુંદર કાર્યવાહી માટે સ્ટેન્ડીંગ ઓવીયેશન આપ્યું હતું.

ત્યારબાદ સભાના પ્રમુખશ્રીનો આભાર માની સભા પૂર્ણ જાહેર કરવામાં આવી હતી.

૨૨/૦૬/૨૦૧૯

| | | |
|---|---|---|
| જગદીશ શાહ | ડો. જૈમિન વસા | દુર્ગેશ બુચ |
| સેક્રેટરી જનરલ | પ્રમુખ | પ્રમુખ |
| | વર્ષ-૨૦૧૮-૧૯ | વર્ષ-૨૦૧૯-૨૦ |

## એનેક્ષરઃ એ

**(તા. ૨૪-૫-૨૦૧૯ના રોજ મળેલ કારોબારી સમિતિની મિટિંગમાં હાજર રહેલા સભ્યોની યાદી)**

૧. ડો. જૈમિન આર. વસા
૨. શ્રી દુર્ગેશ બુચ
૩. શ્રી હેમંત એન. શાહ
૪. શ્રી નિલેષ શુક્લ
૫. શ્રી અંબરભાઇ પટેલ
૬. શ્રી ગુણવંત પી. ઠક્કર
૭. શ્રી શફી મણીયાર
૮. શ્રી પદ્મીન બુચ
૯. શ્રી રક્ષિત કોઠારી
૧૦. શ્રી સુરેશ ત્રિવેદી
૧૧. શ્રી પ્રદિપ વોરા
૧૨. શ્રી સુનિલ વડોદરીયા
૧૩. શ્રી ભાર્ગવ ઠક્કર
૧૪. શ્રી અજય એચ. પટેલ
૧૫. શ્રીમતી રેખાબેન અધ્વર્યુ
૧૬. શ્રીમતી મીનાબેન કાવીયા
૧૭. શ્રી સૌમિલ પુરોહિત
૧૮. શ્રી ભરત પટેલ
૧૯. શ્રી આશીષ ગુરુ
૨૦. શ્રી બિપીન શાહ
૨૧. શ્રી શૈશવ શાહ
૨૨. શ્રી વિનય પંજવાણી
૨૩. શ્રી હરમીત પટવા
૨૪. શ્રી ચેતન ડી. શાહ
૨૫. શ્રી અજય બી. પટેલ
૨૬. શ્રી સંજીવ છાજર
૨૭. શ્રી સચિન પટેલ
૨૮. શ્રી અંકિત પટેલ
૩૪. શ્રી મિહીર પટેલ
૩૫. શ્રી લાખાભાઇ કેશવાલા
૩૬. શ્રી દિલીપ પાધ્યા
૩૭. શ્રી બાબુભાઇ આર. પટેલ
૩૮. શ્રી જીગીશ શાહ
૩૯. શ્રી સ્નેહલ લાવસી
૪૦. શ્રી નિલેષ દેસાઇ
૪૧. શ્રી પરાગ દેસાઇ
૪૨. શ્રી કે. આઇ. પટેલ
૪૩. શ્રી નટવરભાઇ પટેલ
૪૪. શ્રી વારીસ ઇશાની
૪૫. મીસ હેમલતા ભુતા
૪૬. શ્રી હેતલ મહેતા
૪૭. શ્રી કનુભાઇ અગ્રવાલ
૪૮. શ્રી કનુભાઇ સી. પટેલ
૪૯. શ્રી સોમભાઇ રાયકા
૫૦. શ્રી મુકેશ એમ. શાહ
૫૧. શ્રી પ્રફુલ્લ આર તલસાણીયા
૫૨. શ્રી અનિલ સંઘવી
૫૩. શ્રી પ્રતાપ ચંદન
૫૪. શ્રી પથિક પટવારી
૫૫. શ્રી જૈનિક વકીલ
૫૬. શ્રી હિતેન વસંત
૫૭. શ્રી ચિરંજીવ પટેલ
૫૮. શ્રી મદનલાલ જયસવાલ
૫૯. શ્રી જીગીશ દોષી
૬૦. શ્રી દેવેન્દ્ર પ્રજાપતિ
૬૧. શ્રી પરેશ દવે

## એનેક્ષર-બી

મંજુર થયેલા સભ્યોની યાદી

| Sr. No. | Membership Name | Representative | Category |
|---|---|---|---|
| 1 | Task Advisory LLP | Nita Shah | Firm-Local |
| 2 | K D Property Management | Kshitij Desai | Firm-Local |
| 3 | Bomin Pvt. Ltd. | Paresh Amin | Pvt Ltd-Local |
| 4 | Ambica Industries | Jaikishan Banwani | Firm-Local |
| 5 | Tanna Associates | Nahrook Kerrawala | Firm-Local-BWW |
| 6 | Mahalaxmi Impex | Bhaskar Agarwal | Firm-Local |
| 7 | ACE Lifecare LLP | Ishan Shah | Firm-LLP-Local |
| 8 | Shreeji Sahjanand Medicare Pvt Ltd | Dipak Rathod | Pvt Ltd-Regional |
| 9 | ALF Technologies India Pvt Ltd | Parth Jain | Pvt Ltd-Local |
| 10 | Sparsh Designs | Sparsh Shah | Firm-Local |
| 11 | Pashupati Cotspin Ltd | Saurinbhai Parikh | Ltd-Regional |
| 12 | Suddha Machineries & Industries Pvt Ltd | Asim Banerjee | Pvt Ltd-Regional |
| 13 | D K Properties | Kishore Goswami | Firm-Local |
| 14 | Shilp Ultra Tech Pvt Ltd | Atul Vinchhi | Pvt Ltd-Local |
| 15 | Rajkot Engineering Association | Paresh Vasani | Association-Regional |

## એનેક્ષર-સી

**મંજુર થયેલા પ્રતિનિધિના નામમાં ફેરફારની યાદી**

| Sr. No. | Name of Member | Name of Representative at present | Name of Representative to be changed |
|---|---|---|---|
| 1. | Sabarmati Papers Pvt Ltd | Mahendra Patel<br>Hasmukh Patel | Mahendra Patel<br>Chinmay Patel |
| 2. | Essbee Technocast Pvt Ltd | Abubakar Safree<br>Mohmmed Safree | Abubakar Safree<br>Rusul Balapariya |
| 3. | Parry Eng. & Electronics Pvt Ltd | Shyamsunder Rungta<br>Sharad Rungta | Shyamsunder Rungta<br>Sharad Rungta |
| 4. | Hi Scan Pvt Ltd | Kamlesh Desai<br>Shailesh Desai | Niharbhai Desai<br>Parshwa Desai |
| 5. | Guru Cold Storage Pvt Ltd | Ashish S Guru<br>Sankerlal Guru | Ashish S Guru<br>Abhinav Guru |
| 6. | Mafatlal Ind. Limited | Ashish Karanji<br>Rajiv Dayalal | Ashish Karanji<br>Priyavrata Mafatlal |
| 7. | Savvy Infrastructure Pvt Ltd | Jaxay Shah | Jaxay Shah<br>Sameer Sinha |
| 8. | N.J.Jain & Associates | Nitesh Jain | Nitesh Jain<br>Gaurav Khetan |
| 9. | Chartered Speed Limited | Pankaj Gandhi | Pankaj Gandhi<br>Sanyam Gandhi |
| 10. | Shree Krushna Dyestuff Industries | Shailesh I. Patwari<br>Aman J. Shah | Shailesh I. Patwari<br>Anil K. Patel |

| | | | |
|---|---|---|---|
| 11. | Wadhwan Industries Association | Gordhanbhai Varmora<br>Pulinbhai Trivedi | Gordhanbhai Varmora<br>Prakash Varmora |
| 12. | Gujarat State Plastic Mfrs.Association | Devang Mehta<br>Rajul Patel | Devang Mehta<br>Vijay Javia |
| 13. | Gujarat Contractors Association | G I Patel<br>Kirti Thakker | Arvind Patel<br>Kirti Thakker |
| 14. | GIDC Plot & Shed Holder's Association | Dinesh Changani<br>Dilip Chandaria | Rajesh Changani<br>Vishal Lalkiya |
| 15. | Vitthal Udyognagar Industries Association | Nilesh Patel<br>Hemal Patel | Harshad A Mehta<br>Manish Kothari |

**મંજુર થયેલા પ્રતિનિધિની કંપનીના સરનામામાં ફેરફારની યાદી**

| Sr. No. | Name of Member | Old Address | New Address |
|---|---|---|---|
| 1. | Mafatlal Ind. Limited | Asarwa Road, Ahmedabad | Heritage Horizon, 301/302, Third floor, Off C G Road, Navrangpura |
| 2. | Corel Pharma Chem | Opp Bhagvat Petrol Pump, S G Highway, Gota, Ahmedabad | Nr. Under Bridge Railway Crossing, Thol Road, Kadi |
| 3. | A K Transcharger Pvt Ltd | 36, Manthan Estate,Phase-1, GIDC, Vatva,Ahmedabad | 704, Capstone Building, Juna Sarda Mandir,Ellisbridge, Ahmedabad |
| 4. | Ocean's Deep Printers | 1061-Ourside Kakabhatt ne Pole, Dariyapur, Ahmedabad | 349/51/1, Chinaibaug Estate, Dudheshwar Road, Ahmedabad |
| 5. | Vikram Thermo India Ltd | 101/106, First floor,Classic Avenue,Nr.Toran Dinning Hall, Ahmedabad | A/704-714, The Capital, Science City Road, Ahmedabad |
| 6. | Rameshbhai P Patel | 602, Surmount Cpmplex, S G Highway, Ahmedabad | 305 To 307, Silver Radiance, Bodakdev, Ahmedabad |
| 7. | Anar Chemicals LLP | Sanskrut, B/h. Old High Court, Ahram Road, Ahmedabad | Chitrakoot, Opp C N vidyalay, Ambawadi, Ahmedabad |

| | | | |
|---|---|---|---|
| 8. | Kashyap R. Mehta | 503, Diwan Chambers, Old High court Lane, Navrangpura,Ahmedabad | B-403, The First, Beside ITC Narmada Hotel, Vastapur, Ahmedabad |
| 9. | NYC Impex Pvt Ltd | G-1, Dev Arc. B-Block, Nr. Wide Angle Cinema, Ahmedabad | B-92-93, 1st Floor, Sumel Business Park-2, Kankariya, Ahmedabad |
| 10. | Flextron Sealing Solutions | L/5, Shayona Estate, Naroda Road, Memco, Ahmedabad | No-300, Phase-1, Naroda GIDC, Ahmedabad |
| 11. | Kanaiya Exports Pvt Ltd | GF/13, Century Shopping Centre, Bodakdev,Ahmedabad | Bunglow No-3, Ugati Bunglow,Vishwas City-2,Ghatlodia,Ahmedabad |
| 12. | Suprimo Exclusive Pvt Ltd | 245, M G Mkt., Gheekanta, Ahmedabad | A/40, Aust Vinayak Complex, Dariyapur Gate,Ahmedabd |
| 13. | Master Traders | Inside Eranda Hall, Kapasia Bazar, Ahmedabad | 1110, Adore Aspire, Polytechnic Area, Ahmedabad |
| 14. | Medip Laboratories | 201, Ashirwad Appt., Dhanlaxmi Society, Maninagar,Ahmedabad | 302, Skydeck Appt., Rajpath Club Road, Bodakdev,Ahmedabad |
| 15. | R K exports | B/911, Fairdeal House, Navrangpura, Ahmedabad | Plot No.151, Sudama Estate, Opp.Gokulesh Petrol Pump, Narol, Ahmedabad |
| 16. | Nippon Marketing | 1/1, New Timber Market, Behrampura,Ahmedabad | B-101, Westgate, Nr. YMCA Club,S G Highway, Ahmedabad |

**મંજૂર થયેલા પ્રતિનિધિના કંપનીના નામમાં ફેરફારની યાદી**

| Sr. No. | Name of Member at present in GCCI database | Name of Member to be changed |
|---|---|---|
| 1 | Mukesh Industries Ltd. | Mukesh Trends Lifestyle Ltd. |
| 2 | S & K Diamonds | Shah Diamonds |
| 3 | Rama Polycon Pvt Ltd | Rama Polycon Ltd |
| 4 | Lotus Pharmaceuticals | Lotus Nutra Herbs |

**આઇટેમનં. ૨**

**૨.૧ અગત્યના પ્રસંગો (૧૫ મે થી ૧૫ જુન, ૨૦૧૯ દરમ્યાન) :**

| | | | |
|---|---|---|---|
| શુક્રવાર | તા. ૧૭-૫-૨૦૧૯ | સાંજે ૫-૦૦ કલાકે | RBI ના રીજનલ ડાયરેક્ટર સાથે યોજવામાં આવેલ મિટિંગ. |
| શનિવાર | તા. ૧૮-૫-૨૦૧૯ | બપોરે ૧૨-૦૦ કલાકે | GCCI ની રીજનલ કાઉન્સીલની ઝાલાવાડ ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઇન્ડસ્ટ્રી, સુરેન્દ્રનગર ખાતે મળેલ મિટિંગ. |
| રવિવાર | તા. ૧૯-૫-૨૦૧૯ | સવારે ૧૦-30 કલાકે | GCCI ના રીનોવેશન કરાવવા પ્રિમાઇસીસનું ઉદ્દ્ઘાટન અને ગણેશપૂજાનું કરવામાં આવેલ આયોજન. |
| શુક્રવાર થી બુધવાર | તા. ૧૭-૫-૨૦૧૯ થી તા. ૨૨-૫-૨૦૧૯ | સવારે ૧૦-30 કલાકે | બિઝનેસ વિમેન વિંગના એક પ્રતિનિધિમંડળની માનનીય રાષ્ટ્રપતિ શ્રી રામનાથ કોવિંદજી સાથે કરેલ શુભેચ્છા મિટિંગ અને સંસદ ભવનની મુલાકાત. |
| ગુરુવાર | તા. ૨૩-૫-૨૦૧૯ | સાંજે ૫-૦૦ કલાકે | રબર મેન્યુ વેલફેર એસોસીયેશનના પ્રતિનિધિઓ સાથે તેમના પ્રશ્નો અંગે કરવામાં આવેલ મિટિંગ. |
| શુક્રવાર | તા. ૨૪-૫-૨૦૧૯ | બપોરે ૩-૦૦ કલાકે | GCCI યુથવિંગના ઉપક્રમે Be Aware Take care- A stimulative discussion" વિષયે યોજવામાં આવેલ પરિચર્ચા. |
| શુક્રવાર | તા. ૭-૬-૨૦૧૯ | -- | GCCI ની ડેરી અને એલાઇડ કમિટિના સભ્યોની સુખસાગર ડેરી અને મેક્સન ફાર્માસ્યુટીકલ્સ પ્રા. લી. ઇન્ડસ્ટ્રીની લીધેલ મુલાકાત. |
| સોમવાર | તા. ૧૧-૬-૨૦૧૮ | બપોરે ૩-૦૦ કલાકે | IGST Refund with Shri P.V.R. Reddy, Chief Commissioner of Customs, Gujarat Zone ઉપર એક પરિચર્ચાનું કરવામાં આવેલું આયોજન. |
| બુધવાર | તા. ૧૩-૬-૨૦૧૮ | સાંજે ૪-૦૦ કલાકે | GCCI યુથવિંગના ઉપક્રમે “Chocolate and Dessert Making Learning Session” વિષયે યોજવામાં આવેલ વર્કશોપ. |

**૨.૨ ચેમ્બરની રજૂઆતો**

- ગુજરાત સરકારના ઉદ્યોગ અને ખાણ વિભાગના અગ્ર સચિવશ્રી એમ. કે. દાસને વેપાર-ઉદ્યોગને લગતા પ્રશ્નો અંગે મોકલવામાં આવેલ મેમોરેન્ડમ. (તા. ૬-૫-૨૦૧૯)
- શહેરમાં ભારે તથા મધ્યમ માલ વાહકોના પ્રવેશ અંગે અમદાવાદના પોલીસ કમિશ્નર શ્રી એ. કે. સિંગને પાઠવેલ રજૂઆત. (તા. ૯-૫-૨૦૧૯)
- કોર્પોરેટ સ્ટાફ બસો માટે સીટી પરમીટ અંગેની નવી પદ્ધતિ વિષે અમદાવાદ શહેરના પોલીસ કમિશ્નર શ્રી એ. કે. સિંગને પાઠવેલ પત્ર. (તા. ૯-૫-૨૦૧૯)
- ખારીકટ કેનાલની સાફ-સફાઇ અંગે તાત્કાલિક ધોરણે પગલાં લેવા માટે અમદાવાદ મનગરપાલિકાના મ્યુનિસિપલ કમિશ્નરશ્રી વિજય નહેરાને પાઠવેલ પત્ર. (તા. ૧૫-૫-૨૦૧૯)
- વડોદરા ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઇન્ડસ્ટ્રીની રજૂઆતના અનુસંધાને MSME એકમોને માર્કેટીંગ ફાઇનાન્સ ટેકનોલોજી અને એચ.આર. ક્ષેત્રે મદદરૂપ પગલાંઓ લેવા અંગે ગુજરાત સરકારના MSME કમિશ્નર શ્રી યોગેશ નિર્ગુડે (IAS), ને પાઠવેલ પત્ર. (તા. ૧૫-૫-૨૦૧૯)
- વડોદરા ખાતે કન્વેન્શન અને એક્ઝીબીશન સ્થાપવા અંગે ગુજરાત સરકારના ઉદ્યોગ અને ખાણ વિભાગના અગ્ર સચિવશ્રી એમ. કે. દાસ (IAS) ને પાઠવેલ પત્ર. (તા. ૧૫-૫-૨૦૧૯)
- સ્થાનિક જમીનધારકો તેમની જમીન આજુબાજુના ઉદ્યોગોને વેચવા અંગે રોજગારીની તક આપવા અંગે કાયદો/ જી.આર. બહાર પાડવા ગુજરાત સરકારના શ્રમ અને રોજગાર વિભાગના અધિક મુખ્ય સચિવશ્રી, વિપુલ મિત્રા (IAS), ને કરેલ રજૂઆત. (તા. ૧૫-૫-૨૦૧૯)

➢ અમદાવાદ એરપોર્ટ થી શરુ થતી ફલાઇટના એર લાઇન ઓપરેટરો દ્વારા એર ટીકીટની ખુબજ ઉંચા ભાવ રાખવા અંગે સિવિલ એવિયેશનના ડાયરેક્ટ જનરલ શ્રી બી. એસ. ભુલ્લરને પાઠવેલ રજૂઆત. (તા. ૧૪-૫-૨૦૧૯)

➢ વડોદરા શહેરના એર સ્પેસ ઉપર ઉડાન ભરતા ફલાઇટ ઓપરેટરોને યોગ્ય સૂચનાઓ આપવા અંગે સિવિલ એવિયેશનના ડાયરેક્ટર જનરલ શ્રી બી. એસ. ભુલ્લરને પાઠવેલ રજૂઆત. (તા. ૧૫-૫-૨૦૧૯)

➢ જી.આઇ.ડી.સી. મકરપુરા, વડોદરા ખાતે ESIC ના ચેરમેન અને માનનીય ભારત સરકારના રક્ષણ મંત્રી શ્રી સંતોષ ગંગવારને કરેલ રજૂઆત. (૧૫-૫-૨૦૧૯)

➢ જી.આઇ.ડી.સી. મકરપુરા, વડોદરાના સભ્યો દ્વારા પડતી મુશ્કેલીઓ અંગે જી.આઇ.ડી.સી.ના વાઇસ ચેરમેન અને મેનેજીંગ ડીરેક્ટર શ્રીમતી ડી. થારા, (IAS)ને પાઠવેલ રજૂઆત. (૧૬-૫-૨૦૧૯)

➢ ટોરેન્ટના ચુનો સુજન પાવર પ્લાન્ટ માટેનું ટેરીફ નિર્ધારિત કરવા અંગે GERC ના ચેરમેન અને સભ્યોએ પાઠવેલ રજૂઆત. (તા. ૧૭-૫-૨૦૧૯)

➢ ગાંધીધામ ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઇન્ડસ્ટ્રીની રજૂઆતના અનુસંધાને વેરહાઉસિંગ સેક્ટરને જી.આઇ.ડી.સી. પ્લાન્ટના એલોટમેન્ટ MSME ના આધારે કરવા અંગે જી.આઇ.ડી.સી.ના વાઇસ ચેરમેન અને મેનેજીંગ ડીરેક્ટર શ્રીમતી ડી. થારા, (IAS) ને પાઠવેલ રજૂઆત. (૨૧-૫-૨૦૧૯)

➢ ઉદ્યોગો દ્વારા ફીડર કેપેસીટી વપરાઇ ગયા હોવાથી વધારાનું ફીડર નાંખતી વખતે પ્રથમ વપરાશકાર પાસેથી પૂરેપૂરી કિંમત લેવા અંગેની નીતિ બદલવા ગુજરાત સરકારના માનનીય ઉર્જામંત્રીશ્રી સૌરભ પટેલ અને ઉર્જા વિભાગના અગ્ર સચિવશ્રી પંકજ જોષીને પાઠવેલ રજૂઆત. (તા. ૨૮-૫-૨૦૧૯)

➢ RCC પાઇપલાઇન બનાવતાં ઉત્પાદકો દ્વારા સ્પન પ્રોસેસિંગના વપરાશને માન્યતા આપી તેમને ટેન્ડર ભરવા માટેની તક આપવા ગુજરાતના માનનીય મુખ્યમંત્રી શ્રી વિજય રૂપાણીને પાઠવેલ પત્ર. (તા. ૩૦-૫-૨૦૧૯)

➢ GCCIની સભ્ય મેસર્સ ડાયનામીક પ્રોડક્ટસ લીમીટેડ ઉપર લગાડવામાં આવેલ નોન-યુટીલાઇઝેશન પેનલ્ટી અંગે ગુજરાત સરકારના ઉદ્યોગ અને ખાણ વિભાગના અગ્રસચિવ શ્રી એમ. કે. દાસ ને પાઠવેલ પત્ર. (તા. ૩૦-૫-૨૦૧૯)

➢ રેડીયેશન મશીન ઉપર લગાડવામાં આવેલ જીએસટી અને કસ્ટમ ડયુટીમાં છુટછાટ આપવા અંગે ભારત સરકારના આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગના સૂચન શ્રીમતી પ્રિતિ સુદન, (IAS)ને પાઠવેલ રજૂઆત. (તા. ૪-૬-૨૦૧૯)

➢ નરોડા પી.એફ. ઓફીસ ખાતે આવેલ ડેકલેરેશન અંગે ત્વરિત નિર્ણય લેવા રીજનલ પ્રોવિડન્ટ ફંડ કમિશ્નર-૧ શ્રી મનોરંજન કુમારને પાઠવેલ રજૂઆત. (તા. ૧૦-૬-૨૦૧૯)

➢ ટ્રોયકા ફાર્માસ્યુટીકલ્સની રજૂઆતના રજૂઆતના અનુસંધાને GDCR રેગ્યુલેશન ૨૦૧૭ના યોગ્ય ફેરફારો કરવા અંગે ગુજરાતના માનનીય મહેસુલ મંત્રી શ્રી કૌશિકભાઇ પટેલને પાઠવેલ રજૂઆત. (તા. ૧૨-૬-૨૦૧૯)

## ૨.૩ એક્શન ટેકન રીપોર્ટ

➢ નિકાસકારોના IGST રીફંડ ઘણાં સમયથી બાકી હોવાની રજૂઆતો ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઇન્ડસ્ટ્રીને મળતી હતી. આ અનુસંધાને ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઇન્ડસ્ટ્રી દ્વારા ગુજરાત

હાઇકોર્ટમાં પીટીશન દાખલ કરવામાં આવી હતી. માનનીય હાઇકોર્ટને જરૂરી વિગતો આપવા માટે GCCI અમે GDMA દ્વારા આવા બાકી IGST રીફંડની વિગતો GCCIને મોકલવા જણાવ્યું હતું. માત્ર એક અઠવાડિયામાં GCCI પાસે ૧૫૦ કરોડ જેટલી રકમની બાકી IGST રીફંડની વિગતો મળી હતી જેને કોર્ટમાં સબમીટ કરવામાં આવી. આના અનુસંધાને કસ્ટમ ડીપાર્ટમેન્ટ દ્વારા ૧૬ જુન, ૨૦૧૯ સુધી ૧૫ દિવસનું રીફંડ ડ્રાઇવ યોજવામાં આવ્યું અને તેમના ચીફ કમિશ્નરની ઉપસ્થિતિમાં એક ઇન્ટરેક્ટીવ સેશનનું આયોજન GCCI ખાતે કરવામાં આવ્યું જેમાં બાકી રીફંડ અંગેની ઘણી મુશ્કેલીઓનું સમાધાન થયું.

- GCCI દ્વારા ગુજરાત સરકારને પર્યાવરણના માપદંડો પુરા ન કરી શકવાના કિસ્સાઓમાં ખાદ્યપદાર્થો અને મત્સ્ય ઉદ્યોગ દ્વારા ચલાવવામાં આવતાં કોલ્ડ સ્ટોરેજનું પાવર કનેક્શન ન કાપવા રજૂઆત કરવામાં આવી હતી જેના અનુસંધાને GPCB એ તા. ૧૧ જુન, ૨૦૧૯ના રોજ સરક્યુલર બહાર પાડ્યું, જેમાં ખાદ્ય તથા મત્સ્ય ઉદ્યોગો દ્વારા ચલાવવામાં આવતાં કોલ્ડ સ્ટોરેજનો પાવર કનેક્શન પર્યાવરણના માપદંડો પુરા પાડવામાં ન આવે તેવા કિસ્સાઓમાં કાપવામાં આવશે નહીં તેવી જાહેરાત કરવામાં આવી અને માત્ર તેમના ઉત્પાદન એરિયાનો પાવર જ બંધ કરવામાં આવશે તેવું જણાવવામાં આવ્યું.
- ગુજરાત સરકારને GCCI દ્વારા તા. ૧૮-૧૨-૨૦૧૮ના રોજ રજૂઆત કરવામાં આવી હતી જેના અનુસંધાનમાં શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર તરફથી પત્ર ક્રમાંક પરચ/૧૦૨૦૧૯/૨૪૭૪/પી દ્વારા તા. ૧૦ જુન, ૨૦૧૯ના રોજ પ્રત્યુત્તર પાઠવવામાં આવ્યો છે અને શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગ તરફથી ઉપ સચિવશ્રી, નાણાં વિભાગ, ગાંધીનગરને GCCIની રજૂઆત અંગે ઘટતી કાર્યવાહી કરવા કરવા જણાવવામાં આવ્યું છે.
- GCCI દ્વારા રીજનલ પ્રોવીડંટ ફંડ કમિશ્નર-૧ ને આપણાં સભ્યશ્રી ઉર્જા પ્રોડક્ટસ પ્રા. લી. ને પડતી તકલીફ વિષે રજૂઆત કરવામાં આવી હતી. જેના અનુસંધાનમાં રીજનલ પ્રોવીડંટ ફંડ કમિશ્નર દ્વારા નરોડા રીજીયનના પી.એફ. કમિશ્નરને જરૂરી પગલાં લેવા જણાવવામાં આવેલ છે.
- વાપી નોટીફાઇડ એરિયામાં આવેલ અમુક ફેક્ટરીઓને વધારાને ટેક્ષ બીલ આવ્યા હતા. જેની GCCI દ્વારા રજૂઆત કરવામાં આવી હતી. તેના અનુસંધાનમાં નોટીફાઇડ એરીયા ઓથોરીટી, વાપી, પત્ર ક્રમાંક નં.જીઆઇડીસી/ચીઓ/વાપી/૩૬૨ દ્વારા તા. ૧૪ જુન, ૨૦૧૯ના રોજ પત્ર પાઠવી તેઓ દ્વારા ઉઘરાવવામાં આવેલ વધારાના ટેક્ષ અંગેની સમજણ ઉપરોક્ત યુનિટોને સીધી જ આપવામાં આવેલ છે.

## ૨.૪ અન્ય માહિતી

### સર્ટીફીકેટ ઓફ ઓરીજીન :

| | | | | | | |
|---|---|---|---|---|---|---|
| એપ્રિલ-૧૭<br>૩૪૫૨ | મે-૨૦૧૭<br>૩૫૮૦ | જુન-૧૭<br>૩૪૮૨ | જુલાઇ-૧૭<br>૩૪૯૪ | ઓગષ્ટ-૧૭<br>૩૫૩૪ | સપ્ટેમ્બર-૧૭<br>૩૩૦૬ | ઓક્ટોબર-૧૭<br>૩૪૨૧ |
| એપ્રિલ-૧૮<br>૩૫૫૭ | મે-૧૮<br>૩૯૮૧ | જુન-૧૮<br>૩૮૦૭ | જુલાઇ-૧૮ | ઓગષ્ટ-૧૮ | સપ્ટેમ્બર-૧૮ | ઓક્ટોબર-૧૮ |
| નવેમ્બર-૧૭<br>૩૧૬૦ | ડિસેમ્બર-૧૭<br>૩૪૦૧ | જાન્યુઆરી-૧૮<br>૩૩૯૩ | ફેબ્રુઆરી-૧૮<br>૩૧૪૯ | માર્ચ-૧૮<br>૩૯૪૫ | કુલ-૨૦૧૭-૧૮<br>૪૧૩૧૭ | |
| નવેમ્બર-૧૮ | ડિસેમ્બર-૧૮ | જાન્યુઆરી-૧૯ | ફેબ્રુઆરી-૧૯ | માર્ચ-૧૯ | કુલ-૨૦૧૯-૨૦ | |

**અખબારી નિવેદન :**

**આઇટેમ નં. ૩ (કમિટિ અને સલાહકારી કમિટિની મિટિંગની માહિતી)**

**૩.૧ (કમિટીઓની મીટીંગની માહિતી)**

**નં. ૧** ગુજરાત ચેમ્બરની યુથ વિંગની બોર્ડ મેમ્બરની મળેલ મિટિંગમાં થયેલ કાર્યવાહીની કમિટિને જાણ કરવા. (તા. ૧૮-૫-૨૦૧૯)

**નં. ૨** ગુજરાત ચેમ્બરની ડેરી એન્ડ એલાઇડ ઇન્ડસ્ટ્રીઝ કમિટિની મળેલ મિટિંગમાં થયેલ કાર્યવાહીની કમિટિને જાણ કરવા. (તા. ૨૦-૫-૨૦૧૯)

**નં. ૩** બિઝનેસ વિમેન વિંગની વર્કીંગ કમિટિની મળેલ મિટિંગમાં થયેલ કાર્યવાહીની કમિટિને જાણ કરવા. (તા.૨૫-૫-૨૦૧૯)

**નં. ૪** ગુજરાત ચેમ્બરની CSR કમિટિની મળેલ મિટિંગમાં થયેલ કાર્યવાહીની કમિટિને જાણ કરવા. (તા. ૩૧-૫-૨૦૧૯)

**નં. ૫** ગુજરાત ચેમ્બરની સ્ક્રુટિની કમિટિની મળેલ મિટિંગમાં થયેલ કાર્યવાહીની કમિટિને જાણ કરવા. (તા. ૨૨-૬-૨૦૧૯)

**નં. ૬** ગુજરાત ચેમ્બરની ટ્રાન્સપોર્ટ એન્ડ લોજીસ્ટીક કમિટિની મળેલ મિટિંગમાં થયેલ કાર્યવાહીની કમિટિને જાણ કરવા. (તા. ૩-૬-૨૦૧૯)

**નં. ૭** ગુજરાત ચેમ્બરની એનર્જી કમિટિની મિટિંગમાં થયેલ કાર્યવાહીની કમિટિને જાણ કરવા. (તા. ૪-૬-૨૦૧૯)

**૩.૨ (સલાહકારી કમિટિની મિટિંગની માહિતી)**

**નં. ૧** ગાંધીનગર ખાતે મળેલ STRIVE ની સ્ટેટ સ્ટીયરીગ કમિટિની મિટિંગમાં ગુજરાત ચેમ્બરના પ્રમુખ ડો. જૈમિન વસાની ઉપસ્થિતિ. (તા. ૧૯-૬-૨૦૧૯)

1

તા. ૦૬/૦૬/૨૦૧૯

GCCI
06 JUN 2019
ઇનવ. નં. 514

**પ્રતિ**
**પ્રમુખ શ્રી,**
ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઇન્ડસ્ટ્રી
આશ્રમ રોડ, અમદાવાદ

**બિઝનેસ વિમેન વિંગ હાલમાં અલગ બંધારણની રૂએ કામ કરે છે તેના બદલે અમો (ભૂતપૂર્વ ચેરપર્સનો) અમારા સર્વાનુમતે એવું નક્કી કરીએ છીએ કે ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઇન્ડસ્ટ્રીના બંધારણ પ્રમાણે જેમ અન્ય સબ કમિટીઓ કામ કરે છે તેમ બિઝનેસ વિમેન કમિટી કાર્યરત રહે તે માટે તૈયારી બતાવેલ છે. તો આ ફેરફારની નોંધ લઇ વાર્ષિક સામાન્ય સભામાં આ ફેરફાર તાત્કાલિક અસરથી મંજુર કરવા માટે અમારી નમ્ર વિનંતી છે.**

**બિઝનેસ વિમેન વિંગના ભૂતપૂર્વ ચેરપર્સનો**

1) Neeru Mehta — N.M.
2) Priti D. Parikh — P.D. Parikh
(3) Yogini H. Bebhatt —
(4) Vaishali Vora —
(5) Kalpana Amin —
6) Sandhya A. Palin — Sandhya Palin
(7) Nayana M. Patel — NMP.
8) Greeshma Trivedi —
9) Shibani Desai — Desai
10) Lata Amin —
11) Sargi Sharma —
12) Gauri Chandnani —
13) Savitaben S. Patel —

**બિઝનેસ વિમેન વિંગ સામાન્ય સભા**

**તા. ૧૭-૬-૨૦૧૯ સાંજે ૫-૩૦ કલાકે**

**પ્રમુખ ડો. જૈમિન વસાના અધ્યક્ષસ્થાને**

---

ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઇન્ડસ્ટ્રીની બિઝનેસ વિમેન વિંગની તા. ૧૭-૬-૨૦૧૯ના રોજ સાંજે ૫-૩૦ કલાકે ચેમ્બરના પ્રમુખ ડો. જૈમિન વસાના અધ્યક્ષ સ્થાને મળેલ સામાન્ય સભામાં નીચે મુજબ મીનીટ્સ કરવામાં આવેલ છે.

- બિઝનેસ વિમેન વિંગના પૂર્વ ચેરપર્સન શ્રીમતી સરોજ શર્માએ બિઝનેસ વિમેન વિંગના પૂર્વ ચેરપર્સનોએ ગુજરાત ચેમ્બરની અન્ય કમિટિઓની જેમ જ બિઝનેસ વિમેન વિંગને પણ એક કમિટિ બનાવવા લેખિત રજૂઆત કરેલ છે તે અંગે કાર્યવાહીની માહિતી આપવા પ્રમુખશ્રીને વિનંતી કરી હતી.

- આના પ્રત્યુત્તરમાં પ્રમુખશ્રીએ જણાવ્યું હતું કે બિઝનેસ વિમેન વિંગના પૂર્વ ચેરપર્સન તરફથી આ અંગેની રજૂઆત મળી છે. આ ઉપરાંત ગુજરાત ચેમ્બર, યુથ વિંગ તેમજ અન્ય સભ્યો દ્વારા પણ લાગણી વ્યક્ત કરવામાં આવી છે કે બિઝનેસ વિમેન વિંગને ગુજરાત ચેમ્બરની અન્ય કમિટિની જેમજ કમિટિ બનાવવી જોઇએ. આ અંગે વિચારણા ચાલુ છે.